ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

વર્ષ ૨૦૨૨-૨૩

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:વવજ/૧૦૨૦૧૭/૮૪૫/અ.૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ /૦૧/૨૦૨૩

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SJED/CNI/e-file/17/2021/0001/B

(૨) આ વિભાગનો તા.૦૬/૦૬/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:વવજ/૧૦૨૦૧૭/૮૪૫/અ.૧

(૩) આ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:વવજ/૧૦૨૦૧૭/૮૪૫/અ.૧

(૩) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૧/૦૧/૨૦૨૩નો પત્રક્રમાંકઃવિજાક/બો.નિ./૨૦૨૨-૨૩/૦૨

**આમુખઃ-**

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૮૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧)પરના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૮૫.૦૦ લાખની જોગવાઇના ૨૫% મુજબ પ્રથમ હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખની ગ્રાન્ટને વહીવટી મંજુરી વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના ઠરાવથી આપેલ છે. નિગમની બીજા હપ્તા પેટે મંજુર થયેલ જોગવાઇ માંથી રૂ.૧૫.૭૦ લાખની ગ્રાન્ટ વંચાણે લીધેલ ક્રમાંક(૩) પરના ઠરાવથી આપેલ છે. હવે નિગમને મંજુર થયેલ જોગવાઇ માંથી ત્રીજા હપ્તા પેટે રૂા.૨૬.૮૦/- લાખ (અંકે રૂપિયા છવીસ લાખ એંસી હજાર પુરા)ની ગ્રાન્ટ નિગમના હવાલે મુકવા વંચાણે લીધા ક્રમાંક(૪)પરના પત્રથી સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૮૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી ત્રીજા હપ્તા પેટે રૂ.૨૬.૮૦ લાખ (અંકે રૂપિયા છવીસ લાખ એંસી હજાર પુરા)ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૩) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૫) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર:૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ,અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદર:૧૦૧ વિમુક્ત અને અસ્થાયી જાતિઓનું કલ્યાણ અને પેટા સદર: ૨૦ ડિએનટી-૮ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ હેઠળ ઉધરાવાનો રહેશે અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરઅધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Date: 2023.01.20
11:10:48 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અગત મદદનીશ, સા.ન્યા. અને અ.વિ., સચિવાલય, ગાધીનગર

(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૭) સેકશન અધિકારીશ્રી(બજેટ/કોમ્પ્યુટર-સેલ શાખા), સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર

(૮) સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Date: 2023.01.20
11:10:48 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign